# BUSINESS મિત્ર

# US શેરબજાર હવે રાત્રે પણ ખુલ્લું રહેશે

**6 ડિસેમ્બરથી શરૂ થશે 23/5 ટ્રેડિંગ, વૈશ્વિક રોકાણકારો માટે મોટી તક**

**ક્રિપ્ટો માર્કેટને ટક્કર આપવા રાત્રે 9 થી સવારે 4 વાગ્યા સુધી ઉમેરાશે નવું સેશન**

મુંબઈ, તા. 3: યુએસ શેરબજારો રાત્રે ખુલ્લા રહેશે! ડિસેમ્બરમાં ઓવરનાઈટ સેશન શરૂ થઈ શકે છે.

હાલમાં, નાસ્ડેક અને NYSE અઠવાડિયામાં પાંચ દિવસ, સવારે 9:30 થી સાંજે 4:00 વાગ્યા (ET) સુધી તેના મુખ્ય સેશન ચલાવે છે. અઠવાડિયામાં પાંચ દિવસ, 23-કલાકના ટ્રેડિંગ કલાકોના સંભવિત અમલીકરણથી, વિશ્વભરમાં બજારના સહભાગીઓ પર લાંબા ટ્રેડિંગ કલાકોની અસર વિશે ચર્ચા શરૂ થઈ છે.

યુએસ શેરબજારો ટૂંક સમયમાં દિવસ અને રાત બંને સમયે ખુલ્લા રહેશે. હા, ડિસેમ્બરથી રાત્રે ખુલ્લા રાખવાની યોજના છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, Nasdaq, NYSE Arca, 24X National Exchange, અને Cboe EDGX ન્યૂ યોર્કમાં રાત્રે 9 વાગ્યાથી સવારે 4 વાગ્યા સુધી "ઓવરનાઈટ સત્ર" ઉમેરવાની યોજના ધરાવે છે. આ તેમના હાલના નિયમિત ટ્રેડિંગ કલાકો અને બજાર પહેલા અને પછીના સમયગાળા ઉપરાંત હશે. આ ફેરફાર, જે 6 ડિસેમ્બરથી શરૂ થશે, તેનો હેતુ વિદેશી રોકાણકારોની વધતી માંગને પહોંચી વળવા અને ક્રિપ્ટો અને પ્રિડિક્શન બજારો સાથે સ્પર્ધા કરવાનો છે.

હાલમાં, Nasdaq અને NYSE અઠવાડિયામાં પાંચ દિવસ સવારે 9:30 થી સાંજે 4 વાગ્યા (ET) સુધી મુખ્ય સત્રો ચલાવે છે. આ કલાકો ઉપરાંત, મર્યાદિત ટ્રેડિંગ માટે "પહેલાના કલાકો" અને "પહેલાના કલાકો" સત્રો પણ છે. "પહેલાના કલાકો" સત્ર સવારે 4 વાગ્યે શરૂ થાય છે. સાંજે 4 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી "પોસ્ટ-માર્કેટ" સત્ર પણ છે. ડિસેમ્બરમાં અમલમાં આવી શકે તેવા ફેરફારો હોવા છતાં, એક્સચેન્જમાં મેઈન્ટેનન્સ અને ટ્રેડ પ્રોસેસિંગ માટે રાત્રે 8 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી એક કલાકનો વિરામ રહેશે.

જ્યારે ઘણા વર્ષોથી રાત્રિ વેપાર થઈ રહ્યો છે, ખાસ કરીને વૈકલ્પિક ટ્રેડિંગ સિસ્ટમ્સ દ્વારા, કુલ વેપારમાં તેનો હિસ્સો ઓછો રહે છે. ગયા અઠવાડિયે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન રાઉન્ડ ટેબલમાં રજૂ કરાયેલા ડેટા અનુસાર, બીજા ક્વાર્ટરમાં ઓવરનાઈટ ટ્રેડિંગ ઈક્વિટી ટ્રેડિંગ વોલ્યુમના માત્ર 1 ટકા જેટલો હતો. જ્યારે દિવસના વેપારની તુલનામાં તેની માત્રા ઓછી છે, ત્યારે ઓવરનાઈટ ટ્રેડ ઝડપથી વધી રહ્યો છે, જે એક વર્ષ પહેલા કરતા 358 ટકા વધ્યો છે.

# એક કંપની અન્ય કંપનીમાં ભળી જાય ત્યારે... તેનું અસ્તિત્વ રહેતું નથી અને તેવી કંપનીની આકારણી કરી શકાય નહી

## ના બોમ્બે હાઇકોર્ટનો ચુકાદાને મંજૂર રાખતો ના. સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

જ્યારે એક કંણની અન્ય કંપનીમાં ભળી જાય એમાગમેટ થાય ત્યારે તેનું અસ્તિત્વ જ રહેતું નથી અને કંપનીનું એક વખત અસ્તિત્વ જ ન હોય ત્યારે તેવી કંપનીની જીએસટીની આકારણી કરી શકાય નહી તેવો અગત્યનો ચૂકાદો ના. બોમ્બે હાઇકોર્ટે વોડાફોન આઇડિયા લી. (અગાઉ વોડાફોન મો. સર્વિસીસ) વિ. યુનિયન ઓફ ઇન્ડિયા રી.પી.નં. 6637/2025ના કેસમાં તા. 29-4-25ના રોજ આપેલ અને તે ચૂકાદા સામેની સરકારની અપીલ ખૂબ તાજેતરમાં ના. સુપ્રિમ કોર્ટે યુનિયન ઓફ ઇન્ડિયા વિ. વોડાફોન આઇડિયા લી. સ્પે. લી.પી. ડાયરી 47728/2026નાં કેસમાં તા. 7-9-26ના ઓર્ડરથી બોમ્બે હાઇકોર્ટના ચૂકાદામાં હસ્તક્ષેપ ન કરવાનું જણાવી નામંજૂર કરવામાં આવેલ ત્યારે.. આ ચૂકાદાઓ તરફ એક નજર નાંખીએ તો....

**હકીકત...**

વોડાફોન મોબાઇલ સર્વિસીસ લી.નો ટાવર ભાડે આપવાનો ધંધો તા. 23-11-17ના રોજ આ કંપનીએ એટીસી ટેલીકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ધંધો તબદીલ કરવા કરાર કરેલ જે પ્રમાણે ટાવર ભાઠે આપવાનો ધંધો તમામ હક અને જવાબદારી સાથે ચાલુ કન્સર્ન તરીકે ઉચક રકમથી વેચાણ કરેલ તો ત્યારબાદ તા. 30-8-2018ના રોજના NSLTના આદેશથી વોડાફોન મોબાઇલ સર્વિસીસ તેમજ વોડાફોન આઇડિયા લી.નું. આઈડિયા વિલીનીકરણ થયેલ જેની ખાતાને જાણ કરવામાં આવેલ. તો PGGI દ્વારા માર્ચ 2022થી જુલાઇ 2022ના સમયગાળાના અવરજવર આ વ્યવહાર અંગે માહિતી અને દસ્તાવેજો માંગવામાં આવ્યા તો બે વર્ષના સમ્ય બાદ.... કંપનીને કલમ 70 હેઠળ સમન્સ બજાવવામા આવ્યો અને ત્યારબાદ કલમ 74 હેઠળ કારણદર્શક નોટિસ બજાવી. રૂા. 363 કરોડ જેટલું માંગણુ ઊભું કરવા સામે ખુલાસો માંગવામા આવ્યો. કંપની દ્વારા નોટિસના જવાબ આપવામા આવ્યો. પરંતુ તે ધ્યાનમાં લીધા વગર ઓર્ડર પસાર કરવામાં આવતા તે ઓર્ડરને શટપીટીશન દ્વારા ના. બોમ્બે હાઇકોર્ટે સમક્ષ પડકારવામાં આવ્યો.

**દલીલ....**

કંપનીના વિદ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરતા જણાવ્યું કે અસ્તિત્વનાં હોય તેવી કંપની સામેનો ઓર્ડર ગેરકાયદેસર છે, જે ના. સુપ્રીમકોર્ટના મારૂતિ સુઝુકી ઇન્ડિયા લી.ના ચૂકાદા વિરૂધ્ધનો છે.

**- ચૂકાદો....**

ના. બોમ્બે હાઇકોર્ટે નોંધ લીધી કે વોડાફોન મોબાઇલ સર્વિસીસ લી. તેમજ વોડાફોન ઇન્ડિયા લી.નું. આઇડિયા સેલ્યુસર લી.માં NCLTના તા. 30-8-18ના ઓર્ડરથી વિલીનીકરણ થયેલ છે અને તેની માહિતી અધિકારીને આપવામાં આવેલ. કોર્ટના મતે. આ કેસને મારૂતિ સુઝુકી ઇન્ડિયા લી.ના સુપ્રિમકોર્ટના ચૂકાદાથી સમર્થન મળે છે.

જે ચૂકાદા મુજબ જ્યારે બે કંપનીઓ એક બીજામા ભળી જાય છે ત્યારે જે કંપની ભળી જાય છે તેનુ અસ્તિત્વ રહેતુ નથી અને જે કંપનીનુ અસ્તિત્વ રહેતે નથી તે કંપનીને ઇન્કમટેક્ષ કાયદાની કલમ 2(31) પ્રમાણે વ્યક્તિ ગણી શકાય નહીં કે જેની સામે આકારણી આદેશ પસાર કરી શકાય. જ્યારે કંપનીનુ વિલીનીકરણ થયુ હોય અને તે માહિતી અધિકારીને આપવામા આવેલ હોય ત્યારે તેવી અસ્તિત્વમાં ન રહેલ કંપની સામેની આકારણીની કાર્યવાહી ગેરકાયદેસર છે એમ જણાવી ના.હાઇકોર્ટે કંપની વિરૂધ્ધ બજાવવામા આવેલ આદેશ રદ કરેલ તો ના સુપ્રિમકોર્ટે....

ના. સુપ્રિમકોર્ટે બોમ્બે હાઇકોર્ટના ચૂકાદા સામેની સરકારની અપીલો યુનિયન ઓફ ઇન્ડિયા વિ. વોડાફોન આઈડિયા લી.ના સ્પે. લીવ પીટીશન (સિવીલ) ડાયરીના 47708/2026ના કેસના તા. 7-9-26ના ઓર્ડરથી જણાવ્યું કે અમે પાર્ટીઓ તરફથી હાજર રહેલ વિદ્વાન કાઉન્સેલને સાંભળ્યા છે અને રેકર્ડ પરની વિગત તપાસતા અમને ના. બોમ્બે હાઇકોર્ટના ઓર્ડરના હસ્તક્ષેપ ન કરવાનું યોગ્ય લાગે છે એમ જણાવી અપીલો ડિસમીસ કરી.

# જો AIની તેજી ધીમી પડશે તો ભારતમાં વિદેશી રોકાણ વધી શકે: RBI

**વિકસિત દેશોમાં એઆઇ સાથે જોડાયેલા વેલ્યુએશનમાં સુધારો થાય તો તેની ભારત પર સકારાત્મક અસર પડી શકે છે: સંજય મલ્હોત્રા**

નવી દિલ્હી, તા. 3: એઆઈનું વિશ્વભરમાં વધુને વધુ રોકાણ કરવામાં આવી રહ્યું છે અને તેની અસર વિશ્વભરના શેરબજાર પર પણ જોવા મળી છે. પરંતુ જો વિકસિત દેશોમાં એઆઈ સંબંધિત કંપનીઓના ઉંચા મુલ્યાંકનમાં સુધારો કરવામાં આવે તો ભારતને તેનો ફાયદો થઈ શકે છે. આનાથી ભારતમાં વિદેશી મુડીનો પ્રવાહ વધી શકે છે. જોકે, ધીમું એઆઈ રોકાણ વૈશ્વિક બજારો માટે જોખમ પણ ઉભું કરી શકે છે. જો એઆઈ સંબંધિત કંપનીઓમાં રોકાણની કમાણીમાં મંદી આવે છે, તો નાણાકીય અસ્કયામતોના ભાવમાં તીવ્ર સુધારો થઈ શકે છે, આનાથી નાણાકીય સંપત્તિમાં અસ્થિરતાનું જોખમ પણ વધશે.

આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે નવી દિલ્હીમાં આયોજિત કોટિલ્ય ઈકોનોમિક કોન્કલેવમાં કહ્યું હતું કે, એઆઈ રોકાણ ચક્ર વૈશ્વિક બજારોને મોટો ટેકો આપી રહ્યું છે, પરંતુ જો તે ધીમું પડે છે. તો નાણાકીય અસ્કયામતોની કિંમતોમાં તીવ્ર ફેરફાર થઈ શકે છે.

મલ્હોત્રાએ કહ્યું કે જો વિકસિત દેશોમાં એઆઈ સાથે જોડાયેલા વેલ્યુએશનમાં સુધારો થાય તો તેની ભારત પર સકારાત્મક અસર પડી શકે છે. આવી સ્થિતિમાં ભારત તરફ વિદેશી મુડીનો પ્રવાહ વધી શકે છે. તેમણે કહ્યું કે વિકસિત દેશોમાં એઆઈ સાથે જોડાયેલ મુલ્યાંકનમાં જો કોઈ સુધારો થાય છે, તેથી મુડી પ્રવાહની દ્રષ્ટિએ તેની હકારાત્મક અસર થઈ શકે છે.

ભારતીય શેરબજારની વાત કરીએ તો છેલ્લા કેટલાક મહિનાઓમાં ઉચ્ચ મુલ્યાંકન સ્તરથી સુધારો જોવા મળ્યો છે. જોકે, તેમના જણાવ્યા અનુસાર અત્યાર સુધી આ એડજસ્ટમેન્ટ વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું છે. મલ્હોત્રાએ વધુમાં કહ્યું કે, મજબૂત મેક્રો ઈકોનોમિક ફંડામેન્ટલ્સ અને નાણાકીય પ્રણાલીની મજબૂતી ભારતને વૈશ્વિક આંચકાઓની સામનો કરવામાં મદદ કરે છે. મજબૂત મેક્રો ઈકોનોમિક ફંડામેન્ટલ્સ અને નાણાકીય પ્રણાલીની તાકાત અમને આ આંચકાઓનો સામનો કરવાની અમારી ક્ષમતામાં વિશ્વાસ આપે છે.

# ઈલેક્ટ્રિક કારના વેચાણમાં 94%નો રેકોર્ડ ઉછાળો

**સપ્ટેમ્બર 2026માં 36,000 EV વેચાયા; ટાટા મોટર્સ 41% માર્કેટ શેર સાથે નંબર 1**

**હવે દર 12 માંથી 1 કાર ઈલેક્ટ્રિક**

મુંબઈ, તા. 3: ઇંધણના ભાવ અને બજારમાં આવેલા નવા મોડેલોના કારણે દેશમાં ઈલેક્ટ્રિક કારની માંગ ખૂબ જ વધી રહી છે, વેચાણમાં 94 ટકાનો વધારો થયો છે.

સપ્ટેમ્બર 2026માં ભારતમાં ઈલેક્ટ્રિક કારના વેચાણે એક નવો રેકોર્ડ બનાવ્યો. વેચાણ 94 ટકા વધીને લગભગ 36,000 યુનિટ થયું, જેમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો 8.3 ટકા છે.

ભારતમાં ઈલેક્ટ્રિક કારની માંગ ઝડપથી વધી રહી છે. સપ્ટેમ્બર 2026 માં દેશમાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોના વેચાણમાં વાર્ષિક ધોરણે 94 ટકાનો મજબૂત વધારો નોંધાયો હતો. વાહનના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં આશરે 35,995 ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોનું છૂટક વેચાણ થયું હતું, જે સપ્ટેમ્બર 2025 માં 18,520 યુનિટ હતું.

આ ઈલેક્ટ્રિક કારના અત્યાર સુધીના સૌથી વધુ માસિક વેચાણમાંનું એક છે. સપ્ટેમ્બરમાં કુલ પેસેન્જર વાહન નોંધણીમાં ઈલેક્ટ્રિક કારનો હિસ્સો આશરે 8.3 ટકા હતો, એટલે કે દર 12 પેસેન્જર વાહનોમાંથી લગભગ એક ઈલેક્ટ્રિક હતું.

સપ્ટેમ્બરમાં ટાટા મોટર્સે સૌથી વધુ ઈલેક્ટ્રિક કારનું વેચાણ નોંધાવ્યું. કંપનીએ 14,769 ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનો વેચ્યા અને લગભગ 41 ટકા બજાર હિસ્સો કબજે કર્યો. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ટાટા મોટર્સનું ઈલેક્ટ્રિક કારનું વેચાણ 7,353 યુનિટ હતું, જેનો અર્થ એ થયો કે કંપનીનું વેચાણ લગભગ 101 ટકા વધ્યું.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા બીજા ક્રમે રહ્યું, તેણે સપ્ટેમ્બરમાં 7,779 ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ કર્યું. કંપનીનું વેચાણ ગયા વર્ષે 3,972 યુનિટની સરખામણીમાં લગભગ 96 ટકા વધ્યું. JSW MG મોટર ઈન્ડિયાએ 5,242 યુનિટના વેચાણ સાથે ત્રીજા ક્રમે રહ્યું.

# RBI વ્યાજદરમાં વધારો કરશે?

**ઉંચી મોંઘવારી, નબળો રૂપિયો અને ફેડરેટમાં વધારાના લીધે આરબીઆઇ માટે વ્યાજદર વધારો કરવા સિવાય વિકલ્પ નથી**

નવી દિલ્હી, તા. 3: ભારતીય રિઝર્વ બેન્કની આગામી 5થી 7 ઓક્ટોબરની વચ્ચે મોનીટરી પોલિસી કમિટિની બેઠક મળનારી છે. આ ત્રણ દિવસીય બેઠકમાં અર્થવ્યવસ્થાની વર્તમાન સ્થિતિ પર સમીક્ષાની સાથે વ્યાજદરો પર નિર્ણય લેવામાં આવશે. એમપીસીની બેઠકનો નિર્ણય 7મી ઓકટોબરે જાહેર કરવામાં આવશે. નિષ્ણાંતો સ્પષ્ટ માની રહ્યા છે કે, આ વખતે આરબીઆઈ પાસે વિકલ્પ રહેતો નથી, તેથી તેમને વ્યાજદરમાં વધારો કરવો પડશે. આ વધારો કેટલો થાય છે તે જોવાનું રહેશે. ઓછામાં ઓછા 25 બેસીસ પોઈન્ટ તરફ ઈશારો કરવામાં આવી રહ્યો છે અને એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આ સ્થિતિ ચાલુ રહેશે તો ડિસેમ્બરમાં વધુ એક 25 બેસીસ પોઈન્ટના વધારાની તૈયારી રાખવી પડશે. વ્યાજદર વધારો થવા પાછળના કારણમાં ઉંચી મોંઘવારી અને ક્રુડના ભાવ ઉછળતા આયાત બિલમાં વૃદ્ધિ, ફેડ રેટ અને યુએસ બોન્ડ યીલ્ડમાં વૃદ્ધિ થતા નબળો પડતો જતો રૂપિયો છે. આ કારણોસર આરબીઆઈને રેપો રેટમાં વધારો કરવાની ફરજ પડી રહી છે.

ઓગસ્ટમાં રિટેલ ફુગાવો 4.82 ટકા થયો હતો, જે સતત ત્રીજો મહિનો છે જે આરબીઆઇના લક્ષ્યાંક 4 ટકાથી ઉપર છે. બીજી તરફ, આરબીઆઈએ છેલ્લી ચાર બેઠકમાં રેપો રેટ 5.25 ટકા પર જાળવી રાખ્યો છે. આ પહેલા 2025માં રિઝર્વ બેન્કે રેપો રેટમાં કુલ 125 બેસીસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. જ્યારે ફેબ્રુઆરી, 2023માં આરબીઆઈએ છેલ્લે રેપો રેટમાં વધારો કર્યો હતો.

# કન્સલ્ટેશન પેપર પર સેબીને 20 હજાર ટિપ્પણીઓ મળી

**સીએએસ, માર્કેટ ટાઇમીંગ અને ડેરિવેટિવ્ઝ પર સેબીએ પ્રતિસાદ માગ્યો હતો**

નવી દિલ્હી, તા. 3: સેબીને તેના કન્સલ્ટેશન પેપર પર 20 હજાર ટિપ્પણીઓ મળી છે. જેમાં ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટસ માટે ક્લોઝિંગ ઓકશન સેશન-સીએએસ, માર્કેટ ટાઈમીંગ અને સેટલમેન્ટ પદ્ધતિઓ પર મંતવ્યો માંગવામાં આવ્યા હતા.

રેગ્યુલેટર પાસે ઉપલબ્ધ આંકડા અનુસાર કન્સલ્ટેશન પેપર પર પ્રતિસાદ સબમીટ કરવાની છેલ્લી તારીખ 3 ઓકટોબરના રોજ સાંજે 7 વાગ્યા સુધીની હતી, જેમાં 20 હજાર જેટલી ટિપ્પણીઓ મળી આવી છે, જે અંગે સેબીએ એક્સ ઉપર વિગતો પોસ્ટ કરી છે. સેબીએ કન્સલ્ટેશન પેપર 12 સપ્ટેમ્બરે બહાર પાડ્યું હતું.એફ એન્ડ ઓ માર્કેટમાં અતિશય પ્રવૃત્તિને રોકવાના પગલાની દરખાસ્ત કરતા તેના કન્સલ્ટેશન પેપર પર 2024માં સેબીને 6400 ટિપ્પણીઓ મળી હતી, તેના પ્રતિભાવની સરખામણીએ ત્રણ ગણી વધુ છે. સેબીએ સીએએસ ફ્રેમવર્ક સાથેના પ્રારંભિક અનુભવને પગલે નવીનતમ કન્સલ્ટેશન પેપર બહાર પાડ્યું હતું, જે 3 ઓગસ્ટ, 2026થી એફ એન્ડ ઓ સ્ટોક્સ માટે રજૂ કરવામાં આવ્યું હતું. નિયમનકાર ડેરિવેટિવ્ઝ, સેટલમેન્ટ પદ્ધતિ, બજારનો સમય અન બંધ ઓકશનના કેટલાક ઓપરેશનલ પાસાઓને આવરી લેતી સાત દરખાસ્તો ઉપર પ્રતિસાદ માગ્યો હતો. સેબી હવે સુચિત ફેરફારો પર અંતિમ દ્રષ્ટિકોણ લેતા પહેલા પ્રતિસાદની તપાસ કરે તેવી અપેક્ષા છે. નિયમનકારે તેના કન્સલ્ટેશન પેપર્સ પર મળેલા પ્રતિસાદ અને પ્રતિભાવોનું વિશ્લેષણ કરવા માટે એક સોફ્ટવેર ટૂલ પણ વિકસાવ્યું છે.

# નબળા ચોમાસાથી કૃષિ ક્ષેત્રે ફટકો પડશે

**ચાલુ નાણાકીય વર્ષ માટે ઇકરાએ કૃષિ વિકાસ દરનો અંદાજ ઘટાડીને એક ટકા કર્યો**

નવી દિલ્હી, તા. 3: દેશમાં ચોમાસામાં મોસમી વરસાદ લાંબા ગાળાની સરેરાશના માત્ર 87 ટકા નોંધાતા 2015 પછીનું આ સૌથી નબળું ચોમાસુ રહ્યું છે. રેટિંગ એજન્સી ઈકરાએ રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું છે કે, અનિયમિત અને અપુરતા વરસાદની સીધી અસર ખરીફ પાકના વાવેતર પર પડી છે. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને એજન્સીએ નાણાકીય વર્ષ 2027 માટે કૃષિ, વનીકરણ અને મસ્ત્યોદ્યોગ ક્ષેત્રનો વૃદ્ધિદર 1.3 ટકાથી ઘટાડીને એક ટકા કરી દીધો છે.

અહેવાલ અનુસાર જુનમાં સરેરાશ સામે 60 ટકા, જુલાઈમાં 103 ટકા, ઓગસ્ટમાં 84 ટકા અને સપ્ટેમ્બરમાં 93 ટકા વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને પુર્વ-ઉત્તર પુર્વ અને દક્ષિણ ભારતમાં વરસાદની ભારે અછત જોવા મળી છે. જેના કારણે સપ્ટેમ્બર અંત સુધીમાં દેશમાં ખરીફ પાકનું વાવેતર અગાઉના વર્ષની સરખામણીએ 1.2 ટકા ઘટીને 11.07 કરોડ હેકટર રહ્યું છે. રાજ્યોની વાત કરીએ તો મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલગણાંમાં વાવેતરમાં તીવ્ર ઘટાડો થયો છે.

દક્ષિણ અને ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં જળાશયોમાં પાણીનું સ્તર ઘટવાથી હવે રવિ પાકની વાવણી સામે પણ પ્રશ્નાર્થ ઉભા થયા છે. ઈકરાએ ચેતવણી આપતા જણાવ્યું છે કે, ખેતીની ઉપર ઘટાથી અને ખેડૂતોની આવકમાં ઘટાડો થવાથી નાણાકીય વર્ષના બીજા છ માસિકગાળામાં ગ્રામીણ વિસ્તારોમાં ચીજવસ્તુઓની માગ ઘટશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ નાણાકીય વર્ષ 2026માં કૃષિ ક્ષેત્રે 3.3 ટકાનો વૃદ્ધિદર નોંધાયો હતો, જેની સરખામણીએ માત્ર એક ટકા સુધી મર્યાદિત રહેવાનો અંદાજ છે. જેમાં રવિ સીઝનમાં હવામાનની સ્થિતિ કેવી રહે છે તેના પર દેશના ગ્રામીણ અર્થતંત્રનો આધાર રહેશે.

# નાયરાએ પેટ્રોલમાં રૂ. 5 અને ડિઝલમાં રૂ. 3 વધાર્યા

નવી દિલ્હી, તા. 3: નાયરા એનર્જીએ પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો કર્યો છે. કંપનીએ પેટ્રોલના ભાવમાં રૂ. 5 પ્રતિ લિડર અને ડિઝલના ભાવમાં રૂ. 3 પ્રતિ લિટરનો વધારો કર્યો છે. નવા ભાવ શનિવાર સવારથી જ લાગુ થઇ ગયા છે. અમદાવાદમાં એક લિટર પેટ્રોલનો ભાવ રૂ. 106.83 અને ડિઝલનો ભાવ રૂ. 100.92 થયું છે. જ્યારે ભોપાલમાં પેટ્રોલનો ભાવ રૂ. 119.54 અને ડિઝલનો ભાવ રૂ. 103.64 થઇ ગયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓલના ભાવમાં થયેલા વધારા બાદ છૂટક ભાવો અને વધતી કિંમત વચ્ચેના તફાવતને ઘટાડવા માટે આ નિર્ણય લીધો છે.

# ઈરાન દબાણ હેઠળ: ફુગાવો લગભગ 90%ની નજીક

**અમેરિકાએ ગાળિયો કસતાં ઈરાનની હોર્મુઝ પરની પકડ કમજોર થઈ**

તેહરાન, તા. 3: યુ.એસ. સાથેના યુદ્ધના સાત મહિના વીતી ગયા બાદ ઈરાનના નેતાઓ પરેશાની અનુભવી રહ્યા છે. ઈસ્લામિક રિપબ્લિકમાં ફુગાવો લગભગ 90% છે, ઈરાની હુમલાઓના જોખમ છતાં હોર્મુઝની ખાડીમાંથી તેલની અવરજવર ફરી શરૂ થઈ રહી છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ ક્ષેત્રમાં વધુ એક એરક્રાફ્ટ કેરિયર તથા 10,000 ખલાસીઓ અને મરીન્સ મોકલી રહ્યા છે. યુ.એસ. ની નાકાબંધી ઈરાનની ક્રૂડ નિકાસને અટકાવી રહી છે, જ્યારે કૂટનીતિ મડાગાંઠમાં ફસાયેલી છે. પ્રતિબંધો અને આર્થિક મુશ્કેલીઓની ટેવાયેલી સરકાર માટે આ એક મુશ્કેલ સ્થિતિ છે. આ દબાણ મહત્ત્વનું છે. કારણ કે, તે ઈરાનને એક વિકલ્પ પસંદ કરવા મજબૂર કરી શકે છે: શાંતિ વાટાઘાટો પુનઃશરૂ કરવા માટે છૂટછાટો આપવી અથવા પહેલેથી જ તેની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડી રહેલા સંઘર્ષને વધુ વધારવો. ટ્રમ્પની ઘરેલુ સ્થિતિ સંભવતઃ તેહરાનની વિચારધારાને પ્રભાવિત કરશે.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૩૫૦૦ |
| તેજાબી સોનું | ૧૫૩૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૮૨૫ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૫૦૪૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૯૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૫૦૦ |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**જુના AC લેવામાં**
આવશે ચાલુ કે બંધ હાલતમાં જૂના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo: 9316100413

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

મિલ્કત વેચવાની છે

**ફ્લેટ વેચવાનો છે**
ફર્નિચર સાથે ગ્રીનસીટી, પાલ Mo. 9924804455

**2 BHK**
ફુલ ફર્નિશ્ડ ફ્લેટ જહાંગીરાબાદમાં વેચાણથી આપવાનો છે. Mo. 9875085968

**ડુમસમાં ફાર્મ**
હાઉસ વેચાણથી આપવાનો છે. Mo. 9662140043

**2 BHK ફ્લેટ**
વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં WhatsApp 9978936979 (346)

**ઘર વેચવાનું છે**
૧૩/ ૨૦૨, વાસ્તુશિલ્પ, બી- બિલ્ડીંગ, ટીજીબી હોટલ બાજુમાં, અડાજણ, સુરત. મો. 8469506761

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામઃ કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**માઁ ખોડિયાર જ્યોતિષ**
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિલબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ,પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ,ઉપરોકત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમાસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર- જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

**Open Plot For Sale**
2700 Sq. Ft. Pushp Vihar Society, Near Jai Shankar Party Plot, Navsari. Contact 9426223351

**NA Plan Pass**
12 વિંધા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo. 7862990838

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ Mo. 9687580001

**વેચવાનો છે**
2850 વારનો પ્લોટ પેટ્રોલ- પંપ લાયક ડામર રોડટચ, નવા કોસ્ટલ હાઈવે પાસે, ફ્રી હોલ્ડ પ્લોટ, કુદીયાણા ગામ પાસે, જહાંગીરપુરા દાંડીરોડ. Mobile: 9898076797

**સસ્તા ભાવે પ્લોટ**
વેચાણ. 100થી 300 વાર. પાલ. 9909601200

**નવાં બિલ્ડીંગમાં ફ્લેટ**
વેચાણ આપવાના છે. 3/4 BHK. પાલ. 9909601200

**પ્લોટ વેચવાનો છે.**
આત્મીયવિલા સોસાયટીમાં (કામરેજ) દલાલો આવકાર્ય.
9925024239

**રોહાઉસ વેચવાનું છે.**
100 વાર. 4 BHK. અડાજણ. 9909601200

વ્યવસાયીક આરોગ્ય વિષયક

**હેલ્થ ઈઝ વેલ્થ**
યોગા પ્રાણાયામ પર્સનલી શીખો 99258-36015

મિલ્કત ભાડેથી

**3 BHK ફ્લેટ**
જહાંગીરાબાદમાં ભાડે આપવાનો છે. M. 9875085968

**TGB પાસે**
ફુલ ફર્નિશ્ડ રો-હાઉસ ભાડેથી આપવાનો છે. Mo. 9662140043

**ફાર્મ હાઉસ**
વેચવાના છે.
અંબિકા નદીના કિનારે, રેડી પઝેશન, સ્વીમીંગ પુલ સાથેના
Mo.90996 54868

**ડુમસમાં**
ફાર્મ હાઉસ ભાડેથી આપવાનો છે. Mo. 7435035156

નોકરી વિષયક

**કોલિંગ અને ડેટા**
એન્ટ્રી માટે ફુલટાઈમ ફિમેલ સ્ટાફ જોઈએ છે. નાનપુરા 9978675757

**પટાવાળો જોઈએ છે**
અડાજણ વિસ્તારમાં રહેનાર, કોન્ટેક્ટ:- 9825142807 (344)

**ગુજરાતી ફોન્ટ LMG**
ટાઈપિસ્ટની જરૂર છે MO. 7359725491 (345)

**ભાડેથી આપવાનું છે**
રેસીડેન્ટસલ મકાન તથા ગોડાઉન ૬/૮૮૮-૮૮૯, હરીપુરા ભાઈશેરી, કબૂતરખાના પાસે, પીરછડી મેઈન રોડ, સુરત. જોવા માટે સાંજે ૪ થી ૬.
:Contact: 99980 85500

**જોઈએ છે**
મીકેનીકલ એન્જીનીયર/ ડીપ્લોમાં મીકેનીકલ એન્જીનીયર, કમ્પ્યુટર ઓપરેટર બાયોડેટા સાથે રૂબરૂ મળો. (મંગરવારથી શનિવાર 12થી 5 દરમિયાન) મેટ્રો સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ બી- 244, નવી વસાહત, ઉધ્યોગનગર, ઉધના

મિલ્કત ભાડે -વેચાણ

**વેચાણ / ભાડેથી**
લોઅર ગ્રાઉન્ડ આશરે 2200 સ્કેવર ફુટ. પીપલોદ કારગીલ ચોક, CA ઓફીસ, આર્કિટેક, ટ્રાવેલ એજન્સી લાયક મો.- 9898078904

**ભાડેથી આપવાની છે**
મજુરાગેટ ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC) બિલ્ડીંગમાં ૭૦૦૦ સ્કે.ફૂટની રોડ સાઈડ ની ફુલ ફર્નિચર ટોપ લોકેશનની ઓફીસ
ચિન્ટુ સોલંકી 9925715955

**નાની ઓફિસ ભાડેથી**
- વેચાણથી આપવાની ઓનલાઈન / કોસ્મેટિક સપ્લાય /મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**કાશમીર વૈષ્ણોદેવી**
અમૃતસર વાઘાબોર્ડર દિવસ 12 ભાઈબીજે સ્લીપર બસ, 6352474903

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, 24/ 11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેગટોક, નેપાળ. તારીખ- 11/ 11, દિવસ- 19 અને દિવસ- 12, પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, ચા-નાસ્તો, બે ટાઈમ ભોજન, મળો: દિપંકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

મિલ્કત ભાડેથી

**ગૌરવ પથ ઉપર**
2 BHK ફુલ ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો છે. 7435035156

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*